ગાંધીનગર સમાચાર

પ્રચંડ ગરમીએ તડબુચના પાકનો દાટ વાળ્યો

# સ્વર્ણિમ પાર્ક ખાતેના સાધનોથી શહેરની શાખને બટ્ટો

## સાઈ ખાતે કોચિંગ કેમ્પમાં આવતા વિવિધ રાજયોના ખેલાડીઓ જોગીંગ કરવા આવે ત્યારે તુટેલા સાધનો જોઈ નિરાશ થાય છે : સત્વરે નવા સાધનો લગાડાય તથા તેની સંખ્યા વધારાય તે માટે માંગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ઘ-૪ સર્કલ પાસે વિકસાવાયેલા સ્વર્ણિમ પાર્ક ખાતે ઈકિવપમેન્ટ પ્લાઝા બનાવાયું છે. જયાં નગરજનોના સ્વાસ્થ્યની જાળવણી માટે કસરતના વિવિધ સાધનો લગાડાયેલા છે. ઘણા સમયથી આ સાધનોની હાલત બદતર છે અને મોટા ભાગના સાધનો તુટેલી હાલતમાં હોવાથી વહેલી સવારે મોર્નિંગ વોક અને કસરત માટે આવતા નગરજનોમાં ભારે નારાજગી સાથે રોષ પ્રવર્તી રહ્યો છે.

સ્વર્ણિમ પાર્કનો ઉપયોગ માત્ર શહેરની શોભા વધારવાને બદલે નગરજનો તેનો છૂટથી ઉપયોગ કરી સ્વાસ્થ્યપ્રદ જીવન જીવી શકે તે માટે તેનો સમય સવારે ૫ થી રાત્રિના ૧૦ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. ગાંધીનગર એક સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોનું શહેર છે. જયાં નાગરિકો સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જાગૃત છે આ કારણે સ્વર્ણિમ પાર્ક સહિત શહેરના લગભગ તમામ બગીચાઓમાં વહેલી પરોઢથી મોર્નિંગ વોકર્સની ભીડ રહેતી હોય છે. વળી, સ્વર્ણિમ પાર્ક બરાબર શહેરની મધ્યમાં હોઈ તથા તેની વિશાળતા અને વોક વે, ઈકિવપમેન્ટ પ્લાઝા ફુડ પ્લાઝા, સાયકલ ટ્રેક, ચિલ્ડ્રન એરિયા, લોન એરિયા જેવી સુવિધાઓને કારણે અહીં સ્વાભાવિક રીતે જ મોર્નિંગ વોકર્સની ભીડ વધુ રહે છે અહીં તમામ વયના તથા તમામ વર્ગના નગરજનો વહેલી સવારથી જ ઉમટી પડે છે. અહીં ઈકિવપમેન્ટ પ્લાઝા ખાતે વિવિધ કસરતના સાધનો લગાડાયા હતા. આમ તો અહીં આવતા મોર્નિંગ વોકર્સની સરખામણીએ આ સાધનોની સંખ્યા ઘણી ઓછી હતી પરંતુ સાધનો લગાડાતા મોર્નિંગ વોકર્સને આનંદ થયો હતો. જો કે આ આનંદ ટૂંકા ગાળા માટે જ રહેવા પામ્યો હતો



કારણ કે ખૂબ જ ઓછા સમયમાં આ સાધનો તુટી જવા લાગ્યા હતા. આ કારણે આ સાધનોની ગુણવત્તા બાબતે પણ નગરજનોને શંકાઓ ઉભી થવા પામી હતી અને તુટી ગયેલા સાધનોના સમાચારો પણ વિવિધ માધ્યમોમાં ચમકયા હતા. આમ છતાં હજુ સુધી જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ પગલાં લેવાયા નથી.

આ બાબતને ઘણો સમય વીતવા છતાં અહીં નથી સાધનો નવા નંખાયા કે નથી તેનું રીપેરીંગ કરાયું. હવે તો વધુ સાધનો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. ધીમે ધીમે કરીને બાકીના સાધનો પણ તુટવા માંડયા છે. જેથી મોર્નિંગ વોકર્સમાં ખાસ કરીને યુવા વર્ગમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. વળી, નજીકમાં જ આવેલ સાંઈ સંકુલમાં વિવિધ રમતોના કોચિંગ કેમ્પ ચાલી રહ્યા છે. જયાં વિવિધ રાજયોના અલગ અલગ રમતોના ખેલાડીઓ આવ્યા છે. આ ખેલાડીઓને લઈ તેમના કોચ સવારે સ્વર્ણિમ પાર્ક ખાતે જોગીંગ કરવા લઈને આવે છે. આ ખેલાડીઓ તુટેલા સાધનો જોઈ નિરાશ થઈ રહ્યા છે અને ગાંધીનગર સહિત વિકસિત ગુજરાતની છાપ પ્રત્યે શંકા સેવી રહ્યા છે. આ તુટેલા સાધનો સત્વરે નવા નંખાય તથા હજુ સાધનોના એક બે સેટ વધુ લગાડવામાં આવે તેવી નગરજનોમાં તીવ્ર માંગ પ્રવર્તી રહી છે.

### @ગાંધીનગર

● ભારતીય યોગ સંસ્થાન દ્વારા સવારે ૫.૩૦ થી ૬.૪૫ કલાક દરમિયાન સેકટર-૨ના બગીચામાં શ્વાસ રોગ નિવારણ શિબિર યોજાશે.

● ગૌરવ વિકાસ યાત્રા અંતર્ગત દક્ષિણ વિધાનસભા મતવિસ્તાર અને ગાંધીનગર પૂર્વ વિસ્તાર સહિત પૂર્વ સંસદીય મત વિસ્તારના લોક અભિનેતા અને સાંસદ પરેશ રાવલ ચંદ્રાલાના રામજી મંદિર ખાતે સવારે ૮.૩૦ કલાકે મુલાકાત લેશે.

● નીફટ કોલેજ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ટેકનો-૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

## શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૭-ડી ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના આજીવન સભ્યો છે તેવા સભ્યશ્રીઓને તેમના ધો-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય તેવા પૌત્રાદીઓની માર્કશીટની ઝેરોક્ષ તા. ૧૦મી જુન સુધીમાં શ્રી જયંતભાઈ જી. ભટ્ટ ૧૨૪૨/૨-ફોન: ૨૩૨૨૧૮૮૮, શ્રી સુમંતભાઈ એમ. શાહ ૧૨૫૫/૧, સે-૭-ડીને મોકલી આપવા વિનંતી છે. વિશેષમાં આજીવન સભ્યનું નામ, વિદ્યાર્થી સાથેનો સંબંધ, આજીવન સભ્યનો સભ્ય ક્રમાંક, સરનામું, વિદ્યાર્થીના પિતાનું નામ, મોબાઈલ, મેળવેલ માર્કસની ટકાવારી મોકલવી. કાર્યક્રમની તારીખ-સ્થળ હવે જાહેર કરવામાં આવશે.

વિશેષ વિગત માટે શ્રી જયંતભાઈ જી. ભટ્ટ, પ્રમુખશ્રી, ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ, સેકટર-૭-ડીનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## વાવોલના એકઝોટીકા ફલેટમાંથી પાંચ સટ્ટોડિયા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીકના નવા વાવોલ વિસ્તારમાં આવેલા એકઝોટીકા ફલેટમાં દિલ્હી-બેંગ્લોર વચ્ચેની ક્રિકેટ મેચ આધારિત સટ્ટો રમાડતા પાંચ સટ્ટોડિયાઓને સે-૭ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ઝડપી પાડયા હતા અને સટ્ટોડિયાઓ પાસે કુલ રૂ. ૧.૯૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના વાવોલ ગામે આવેલા એકઝોટીકા ફલેટના મકાન નં. બી/૧૦૩માં કેટલાક ઈસમો ક્રિકેટ મેચ આધારિત સટ્ટો રમાડતા હોવાની બાતમી સે-૭ પોલીસને મળી હતી. જેથી પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી દિલ્હી-બેંગ્લોરની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા જયદિપ કરણસિંહ ચાવડા (વાવોલ), મેહુલ નટવરલાલ સાધુ (આનંદનગર અમદાવાદ), સંદિપ રમણીકલાલ ઠકકર (ઘાટલોડિયા અમદાવાદ), અલ્કેશ રમણીકલાલ ઠકકર (સોલા) તેમજ મુકેશ વદેસિંગ ઠાકોર (વાવોલ) રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે સટ્ટોડિયા પાસેથી રૂ. ૨૦૯૦ની રોકડ રકમ અને અન્ય ઈલેકટ્રોનિકસ સામાન મળી કુલ રૂ. ૧,૯૭,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામ વિરુધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી શરુ કરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એલ.એસ. ચૌધરી ચલાવી રહ્યા છે.

## સ્માર્ટ સીટી ગાંધીનગરની નિબંધ સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી વિદ્યાલય મોખરે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા સ્માર્ટસીટી ગાંધીનગર દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની માધ્યમિક વિભાગમાં પરમાર માહી એસ. એ દ્વિતિય નંબર મેળવી રૂ. ૩૦૦૦ ઈનામ મેળવેલ છે.

ઉચ્ચતર વિભાગમાં શ્રીમાળી ઝલક જે., ધો-૧૧ પ્રથમ ક્રમાંક મેળવી રૂ. ૫૦૦૦ જયારે વાઘેલા રિધ્ધિએ ધો-૧૨-દ્વિતીય સ્થાન મેળવી રૂ.૩૦૦૦નું ઈનામ મેળવેલ છે.

## સિવિલ હોસ્પિટલમાં પાર્કીંગનો પ્રશ્ન શિરદર્દ સમાન બની રહ્યો છે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ સંકુલ ખાતે હોસ્પિટલના સ્ટાફ માટે પણ પાર્કીંગ ના હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. સંકુલમાં ગણતરીની મિનીટો માટે કાર-સ્કુટર કે રીક્ષા પાર્ક કરવા બાબતે સિકયુરીટી ગાર્ડ અને દર્દીના સગાઓ વચ્ચે રોજ ચકમક ઝરે છે. આવા દશ્યો હવે કાયમી બની ગયા છે પાર્કીંગ બાબતે અધિકારીઓનું પણ પેટનું પાણી હાલતું નથી. ત્યારે પ્રજાના રોષનો ભોગ માત્રને માત્ર સિકયુરીટીના જવાનોને બનવું પડે છે. સંકુલ આધુનિક બનાવ્યા હોવા છતા પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા ના હોવાથી આડેધડ ગાડીઓના ખડકલાને લઈ અન્ય લોકોને પણ પરેશાનીનો સામનો કરવો પડે છે. સિવિલમાં પાર્કીંગનો પ્રશ્ન સતાધિશો અને લાભાર્થીઓને પણ ઘણા સમયથી સતાવી રહ્યો છે. પાર્કીંગ બાબતે યોગ્ય જગ્યા સંકુલમાં ફાળવવામાં આવે તેવી લાભાર્થીઓની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં કરોડો રૂપીયાનો ખર્ચ કરીને કોર્પોરેટ લુક આપવામાં આવ્યો છે. પરંતુ દર્દીઓને મળતી માળખાકીય સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. સિવિલમાં પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈમારત ઈન્ડોર દર્દીઓ માટે તૈયાર કરાઈ છે છતા પણ સંકુલમાં રોજ નિતનવા પ્રશ્નો ઉદ્દ્ભવતા રહે છે. ત્યારે સિવિલ સંકુલમાં કાર કે સ્કુટર પાર્ક કરવું હોય તો ફરજીયાત રૂપીયા ચુકવવા પડે છે. સંકુલમાં સ્ટાફ માટે કે દર્દીની ખબર અંતર પુછવા ગણતરીની મિનિટો માટે આવતા સગાઓને રૂપીયા ચુકવવા પડે છે. જેને પગલે આડેધડ પાર્કીંગની સમસ્યા હોસ્પિટલમાં વકરી છે. આડેધડ પાર્ક કરતા વાહન ચાલકને સિકયુરીટી ગાર્ડ અટકાવે તો બંન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલીના દશ્યો સર્જાય છે. સિવિલના સતાધિશો માટે પણ આ સમસ્યા માથાના દુખાવા સમાન બની જવા પામી છે. હવે આગામી સમયમાં નવી એજન્સીના હાથમાં પાર્કીંગની જવાબદારી આવશે ત્યારે જોવું રહ્યું કે પાર્કીંગનો પ્રશ્ન હલ થાય છે કે યથાવત રહે છે.

### વાતવાતમાં

● ગુજરાતમાં તમામ હાઈવે ટોલ ફ્રી થઈ ગયા છે તેવો એક મેસેજ ન્યુઝ ફોર્મેટમાં વ્હોટસએપ પર વાઈરલ થતા વાહન ચાલકોમાં ભારે ઉત્સુકતા જન્મી હતી. આ મેસેજ સાચા છે કે ખોટા તે જાણવા સરકારી તંત્રમાં આખો દિવસ ફોન દ્વારા પુછપરછ ચાલુ રહી હતી.

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલના શાસનને બેવર્ષ પુરા થયાની ઉજવણી કરાઈ રહી છે. મનપાના વોર્ડ નં ૪ ખાતે સેકટર-૨૪માં સભા યોજાઈ હતી જેમાં ધારાસભ્ય સહિત કોર્પોરેટર્સ કાર્યકરો તથા રહીશોને સંબોધ્યા હતા.

## નગરની ગૃહિણીઓને ૨૬ મેથી ઓનલાઈન શાકભાજી ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની ગૃહિણીઓને ઘેર બેઠા તાજા અને ગુણવત્તા યુકત શાકભાજી ઉપલબ્ધ થાય તે માટે નગરની બે ગૃહિણીઓએ ઓનલાઈન શાકભાજી વેબસાઈટ શરુ કરી છે. ગઈ કાલે આ વેબસાઈટ ઉદઘાટન સમારોહનું ઉદઘાટન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. આ તબકકે વેબસાઈટ શરૂ કરનાર તુલીકા સુધીરકુમાર તેમજ નિકિતાસિંહાએ જણાવ્યું હતું કે આજના ઝડપી અને આધુનિક યુગમાં અન્ય ચીજવસ્તુઓની જેમ શાકભાજી પણ ઘેર બેઠા ઉપલબ્ધ થાય તે માટે આ વેબસાઈટ શરૂ કરવામાં આવી છે જેના આધારે નગરની ગૃહિણીઓને આરોગ્યની દષ્ટિએ ગુણવત્તા યુકત શાકભાજી અને ફળો પુરા પાડવામાં આવશે. આ નવી વેબસાઈટના આધારે ગૃહિણીઓને આગામી તા. ૨૬મેથી ઓનલાઈન ઓર્ડર મુજબ ઘેર બેઠા શાકભાજી મળી રહેશે.

# સ્માર્ટ સીટી બનાવવા નગરજનોએ સ્માર્ટ વૉટર મેનેજમેન્ટ કરવું પડશે

## ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાનાં ઉદ્દેશ્ય ને વાચા આપવા નવતર પ્રયોગ રૂપે બી.પી.કૉલેજ ઓફ બીબીએનો ઉમદા પ્રયાસ

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીઍ) કૉલેજ દ્વારા ગત તા.૧૦મે નાં રોજ ''સેવવોટર'' ઉપર અભિયાન શરુ કર્યું અને તે દિવસે વિદ્યર્થીઓને જળ બચાવો વિચાર સાથે જોડવા માટે સંબંધિત માહિતીનું પ્રદાન કરવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આવેલા તમામ વિદ્યાર્થીઓને જળ એ રાષ્ટ્રની મહત્વની સંપતિ છે તે બાબતે જાગૃતતા કેળવવામાં આવી હતી.

બીબીએનાં અભ્યાસક્રમમાં મેનેજમેન્ટ વિષયો શીખવવામાં આવે છે. જે વિષયો વોટર મેનેજમેન્ટ સહીત તમામ પ્રકારનાં મેનેજમેન્ટ તેમજ વહીવટીય કુશળતા માટે તેટલા જ ઉપયોગી છે . આમ અભ્યાસમાં શીખેલ સંચાલનનાં કૌશલ્યોથી સમાજ સુધી પહોચી પાણીનાં બગાડ ને અટકાવવા તેમજ તેનો મહતમ ઉપયોગ કઈ રીતે થઇ શકે તે સમજવું જરૂરી છે. જેમાં ખુબ સુંદર કાર્ય કરી ઈઝરાયેલ જેવા દેશે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યાં એક ટીપા પાણીનો બે વખત ઉપયોગ કરવામાં આવે છે. જેમાંથી આપણા યુવા મિત્રો એ પ્રેરણા લેવી જોઈએ અને આપણી રાષ્ટ્રીય સંપતિને બચાવવી જોઈએ. બીબીઍ કોલેજ દ્વારા આ સમાજ ઉપયોગી કાર્યને ગંભીરતાથી લઈ યુવાનો ને જાગૃત કરવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં બીબીઍ કોલેજ





દ્વારા જળ બચાવવા માટે વિદ્યાર્થીઓને એક ફોર્મ તૈયાર કરીને આપવામાં આવ્યું હતું. જેમાં એક વિદ્યાર્થીએ બીજા પાંચ લોકો સુધી પહોચે તેમજ આ ૬ લોકોનું ગૃપ તૈયાર કરી દરરોજ ઓછામાં ઓછા પાંચ પરિવાર ને મળી જળ બચાવો અભિયાનમાં જોડે અને તેઓને શપથ લેવડાવે કે અમે પાણી નો દુરપયોગ નહિ કરીએ તેમજ બીજા ને પણ આમ કરતા અટકાવીશું આમ ફકત એક સપ્તાહમાં આ ગૃપ ૩૫ પરિવારોને મળી જાગૃતિ ફેલાવી શકે છે. આજ ક્રમમાં જો ૫૦૦ વિદ્યાર્થી જોડાય તો આપણે સમગ્ર રાજ્ય સુધી તબક્કાવાર પહોંચી શકીશું. અને એક પરિવાર રોજ નું ઓછા માં ઓછુ ૪૦ લીટર પાણી બચાવે તો આપણે લાખો લીટર પાણીનો દુર્વ્યય અટકાવી શકીશું. આ ઉમદા હેતુથી વિદ્યાર્થીઓ છેલ્લા ૧૦ દિવસ થી સમાજમાં જઈ રહ્યા છે. જયાં તેઓને લોકો તરફથી ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. લોકો તેમની વાતને સ્વીકારી આ અભિયાનને અનુમોદન આપી રહ્યા છે. જેથી વિદ્યાર્થીઓને સામાજિક જાગૃતિ નાં કાર્ય કરવા માટે ઉત્સાહ વધી રહ્યો છે. આજે આ અભિયાનમાં નવા સમાજ પ્રેમી લોકોનો ઉમેરો થયો જેઓ ને આ અભિયાનમાં જોડાવા બદલ આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ એ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ઉત્સાહભેર અભિયાનને આગળ વધારવા પ્રેરણા આપી હતી. તેમજ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને ગાંધીનગર ને સ્માર્ટ સીટી બનાવવા ફક્ત સરકાર કે મહાનગરપાલિકા નહિ પરંતુ તમામ નાગરિકોએ જાગૃત બની કાર્ય કરવું પડશે તેમ જણાવ્યું હતું. ભવિષ્યમાં આજ વિદ્યાર્થીઓ સમાજને સ્પર્શતા અન્ય મુદ્દાઓ પર પણ જાગૃતિ લાવવા માટે કાર્ય કરશે તેનું માર્ગદર્શન આપ્યું હતું. જાણીતા કોલમિસ્ટ સમીરભાઈ રામી શરૂઆત થી જ આ અભિયાનમાં જોડાયેલા છે. તેમની કોલમ ''લાગ્યું તેવું લખ્યું'' માં તેમણે પાણી બચાવવા માટે કરેલા નાના નાના સૂચનો લોકો ને સ્પર્શી ગયા છે. તેઓ વિદ્યાર્થીઓને ગાંધી વિચાર થકી વિદ્યાર્થીઓને ''સ્માર્ટ સીટી બનાવવાનાં ભાગરૂપે બીબીઍ કોલેજ તેમજ તેના વિદ્યાર્થીઓ કેટલું યોગદાન આપી શકે તેની ચર્ચા કરી વિદ્યાર્થીઓને અભિયાન વેગવંતુ બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી ડો. રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના તથા ટીમ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

# પ્રચંડ ગરમીએ તડબુચના પાકનો દાટ વાળ્યો

## અંશતઃ બગડેલા તડબુચને ઢોર ઢાંખરને ખવડાવ્યા : અન્યનો નિકાલ કર્યો : મહેનત અને નાણાં વ્યર્થ જતાં ખેડૂત વર્ગ હતાશામાં ધકેલાયો

ગાંધીનગર, તા.૨૩

રાજયમાં ગરમીએ તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચીને જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. હાલમાં ઘટેલી ગરમી પછી જનજીવન પુનઃ ધબકતું થતા પ્રચંડ ગરમીની અસરોથી થયેલા નુકશાન દેખાઈ રહ્યા છે. ખેડૂત વર્ગે મોટા પાયે તડબુચની ખેતી કરી હતી અને ઉતારા લેવાના સમયે જ ગરમીએ તેની પરાકાષ્ઠા દર્શાવી હતી જે કારણે તડબુચના ઉતારા બગડી ગયા છે અને તડબુચ ફેંકી દેવાની નોબત આવી છે. ખેડૂતોએ સારા વળતરની અપેક્ષાએ કરેલી મહેનત અને ખર્ચેલા નાણાં વ્યર્થ જતા હતાશામાં ધકેલાઈ ગયા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગરમીની સિઝનમાં સૌથી વધારે ઉપયોગમાં લેવાતા તડબુચમાં આકરી ગરમીએ બગાડ થઈ ગયો છે. ગરમી પછીની અસરોમાં તડબુચના પાકને વધારે નુકસાન થયાનું બહાર આવ્યું છે. રાજયમાં વિપુલ માત્રામાં થયેલા તડબુચના વાવેતરથી ખેડૂતોને સારા પાકની અપેક્ષાએ શ્રેષ્ઠ વળતર મળવાનો આશાવાદ પેદા થયો હતો. પરંતુ ગરમીએ માઝા મુકી દેતા ખેતરમાં જ તડબુચ તેના વેલા ઉપર જ બગડી ગયા છે. પાણી, બિયારણ, મહેનત અને તેની કેળવણી સહિત તમામ તડબુચનો પાક બગડી જતા વ્યર્થ બન્યું છે.

રાજયભરમાંથી તડબુચ પર પ્રાંતમાં વેચાણ અર્થે જતા હોય છે અને તેથી ખેડૂતોને સ્થાનિક અને બહારથી સારું એવું વળતર મળી રહે છે. પરંતુ હાલ તડબુચનો પાક બગડી જતાં મહદ અંશે ઢોર-ઢાંખરને ખવડાવવા તેમજ અન્ય ફેંકી દેવા જેવી નોબત આવી છે. સારી માવજતથી તડબુચનું ફળ યોગ્ય માત્રામાં વિકસત થયેલું છે. પરંતુ અંદરથી પોચું અને બોદું થઈ દુર્ગંધ મારતું થઈ જતા તે નકામું બની જાય છે. ગરમીમાં લોકો તડબુચનો સારો એવો ઉપયોગ કરતા હોય છે અને જેથી હાલ બજારમાં પણ ઉચ્ચક કિંમતે તડબુચ વેચાતા થઈ ગયા છે. ખેડૂતો વેચેલો માલ વહેલાસર જે ભાવ મળે તે ભાવ નિકાલ કરવામાં જ શાણપણ સમજી રહ્યા છે. આમ કાળઝાળ ગરમીએ ખેડુતોના મોંમા આવેલો કોળીયો છીનવી લેતા ખેડુત વર્ગ નિરાશામાં સરકી પડયો છે.

## સફાઈ કામદારોને લઘુત્તમ વેતનધારા મુજબ પગાર ચુકવવા રજુઆત

ગાંધીનગર, તા.૨૩

મહાનગરપાલિકાના સફાઈ કામદારોને લઘુત્તમ વેતનધારા મુજબ વેતન ચુકવાતું નથી. આઉટ સોર્સીંગ નાબુદ કરી સફાઈ કામદારોને સાધન સામગ્રી અને પુરતું વેતન મળે તેવી રજૂઆત ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા કરવામાં આવી છે.

શહેર સફાઈ કામદારના પ્રમુખ શાન્તાબેન ચાવડાના જણાવ્યા મુજબ સફાઈ કામદારોને લઘુત્તમ વેતન ધારા મુજબ વેતન ચુકવવામાં આવતું નથી. આ સફાઈ કામદારોને કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય એજન્સીઓને રાતોરાત કોન્ટ્રાકટ આપી દેવામાં આવે છે. શહેર સફાઈ કામદાર યુનિયનના મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સફાઈ કામદારોને એજન્સી મારફતે મળતા પગારમાંથી પી.એફ. કાપવામાં આવે છે. જેની સ્લીપ પણ આપવામાં આવતી નથી. તેમજ સ્વાસ્થ્ય સુરક્ષા પણ આપવામાં આવતી નથી. આવી કાળઝાળ ગરમીમાં પણ કામદારોને પાણી, છાસ, માસ્ક, મોજા અને ટોપી સહિતની પ્રાથમિક સુવિધાઓ પણ પુરી પાડવામાં આવતી નથી.

### ચિરવિદાય

- સ્વ. રામાભાઈ મીઠાભાઈ ડાભી, ઉ.વ. ૮૫
- સ્વ. કોયાજી ગણેશજી ઠાકોર, ઉ.વ. ૭૦